# પાર્કિંગ પરમીટ મેળવવા માટેનું ફોર્મ

તા...../......./.........

વ્યક્તિ/સંસ્થાનું નામ ..........................................................

સરનામું:- ..........................................................................................................

ઝોન ..................................... વોર્ડ...................................................

જે વિસ્તારની પાર્કિંગ પરમીટ જોઈએ છે તેની વિગત.........................................................................

પરમીટ માટેનો સમયગાળો ( ૧/૩/૬/૧૨ મહિના)...........................

કેટલા ટુ વ્હીલર/ ફોર વ્હીલર માટે જોઈએ છે તેની વિગત. .................................

સમયગાળો: તા....../....../.............. થી તા......./......../...........

(અનુભવની વિગતો અલગથી સામેલ કરવી.)

**શરતો:**

૧. સ્થળ સ્થિતિ, ટ્રાફિકની અવર જવર વિગેરે મુદ્દાઓને ધ્યાને લઈને પાર્કિંગ પરમીટ આપવાનો નિર્ણય મ્યુનિસિપલ કમિશ્નરશ્રી દ્વારા કરવામાં આવશે.

૨. પાર્કિંગ પરમીટ મેળવવા માટે અરજી આવ્યેથી અરજી મંજૂર કરવી, અંશત: મંજૂર કરવી કે ના મંજૂર કરવી તે અંગે મ્યુનિસિપલ કમિશ્નરશ્રીનો નિર્ણય આખરી ગણાશે. કોઇપણ જાતનું કારણ આપ્યા વિના મ્યુનિસિપલ કમિશ્નરશ્રી પરમિટ નામંજૂર કરી શકશે.

૩. વ્યક્તિગત 'પાર્કિંગ પરમીટ' સિવાયના કેસમાં પરવાનો મેળવનાર અરજદારે નિયત ફોર્મેટમાં સ્થળ ઉપર પાર્કિંગ પરમીટ દર્શાવતું બોર્ડ મૂકવાનું રહેશે.

૪. પરમીટ ધારક આ પરમીટ કોઈ પણ વ્યક્તિને ટ્રાન્સફર કરી શકશે નહી. વ્યક્તીગત કિસ્સામાં પાર્કિંગ પરમીટ જેતે વાહન પુરતી મર્યાદીત રહેશે.

૫. ચાલું હાલતમાં હોય તેવાં જ વાહનો પાર્ક કરાવવાનાં રહેશે.

૬. અરજદારે પાર્કિંગ પરમીટનો સંપૂર્ણ ચાર્જ/નાંણા પાર્કિંગ પરમીટ મેળવતી વખતે એડવાન્સમાં જમા કરાવવાના રહેશે.

૭. પાર્કિંગ પરમીટના થતાં ચાર્જની ૨૫% રકમ સિક્યુરિટી ડીપોઝીટ તરીકે એડવાન્સમાં ભરવાની રહેશે.

૮. નિયત પાર્કિંગની જગ્યામાં જ વાહનો પાર્ક કરી શકાશે. મંજૂરી કરતાં વધું વાહનો પાર્ક કરી શકાશે નહી.

૯. પરમીટ ધારકે પાર્કિંગવાળી જગ્યામાં વાહનોની સંપૂર્ણ જવાબદારી નિભાવવાની રહેશે. વાહનના ઇન્સ્યોરેન્સ ક્લેમની જવાબદારી પરમીટધારકની રહેશે. જેમ કે વાહનને આગ લાગે, તોફાન થાય, વાહન ચોરી થાય કે અન્ય કોઇપણ નુકશાન થાય તો તેની જવાબદારી પરમીટધારકે ભોગવવાની રહેશે. જે અંગે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની કોઇપણ જવાબદારી રહેશે નહી.

૧૦. પાર્કિંગ પરમીટ સ્થળે આવેલાં વૃક્ષો કાપી શકાશે નહીં.

૧૧. પરવાનેદારે ટ્રાફિક તથા અન્ય તમામ સરકારી નિયમોનું પાલન કરવાનું રહેશે.

૧૨. અ.મ્યુ.કો. ના કર્મચારીને જયારે પણ સ્થળ મુલાકાત માટે આવે ત્યારે તેમને સંપૂર્ણ સહકાર આપવાનો રહેશે.

૧૩. વ્યક્તિગત 'પાર્કિંગ પરમીટ' સિવાયના કેસમાં જગ્યા સોંપ્યા બાદ જગ્યાની સફાઈ, દેખરેખ, સાચવણી તથા આ કામગીરી સંદર્ભેની તમામ વ્યવસ્થા કે સુવિધા ઓફરદારે જાતે સ્વખર્ચે કરવાની રહેશે. પાર્કિંગવાળી જગ્યા પર લાઈટ/પ્રકાશની પુરતી વ્યવસ્થા પરમીટધારકે પોતાના ખર્ચે કરવાની રહેશે.

૧૪. મ્યુનિસિપલ ટેક્ષ સિવાય અન્ય સરકારી વેરા તથા જી.એસ.ટી વીગેરે કરવેરા પરમીટધારકે ભરવાના રહેશે.

૧૫. એક જ સમયગાળા માટે એક કરતા વધુ અરજી આવે તે સંજોગોમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને જરૂર જણાય તો ડ્રો કરીને પાર્કિંગ પરમીટ આપવાની થશે.

૧૬. પાર્કિંગની જગ્યા પર પરમીટધારકે કોઈ પણ પ્રકારનું બાંધકામ કરી શકશે નહી. તથા વાહનો પાર્કિંગ સિવાય અન્ય કોઇપણ પ્રકારે ઉપયોગ કરી શકાશે નહી.

૧૭. પાર્કિંગ કરેલી ગાડીઓમાં કોઇપણ પ્રકારનો ધંધો જેવો કે કેસેટ વેચાણ, પાન પાર્લર, ખાદ્ય કે અન્ય વસ્તુઓનું વેચાણ કરતાં વાહનો પાર્ક કરવા દેવામાં આવશે નહી.

૧૮. પરમીટધારકે શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. કોઈ પણ શરતોનો ભંગ થશે તો મ્યુનિસિપલ કમિશ્નરશ્રી પરમીટ રદ્દ કરશે અને ભરેલી સિક્યુરિટી ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે.

૧૯. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની જગ્યાને કોઈ પ્રકારે નુકશાન થશે તો અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન પરમીટધારક સામે કાયદેસરનાં પગલાં લઈ વસૂલ કરી શકાશે.

૨૦. આ સમગ્ર જગ્યાની માલિકી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની હોઈ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને જરૂર જણાયે મ્યુનિસિપલ કમિશ્નરશ્રીના હુકમથી દિન-૧૦ની નોટીસ આપી સદરહુ પરવાનાનો અંત લાવી શકશે. તથા તેનો કબજો મેળવી શકશે.

૨૧. વ્યક્તિગત 'પાર્કિંગ પરમીટ' સિવાયના કેસમાં પરમીટધારકે જરૂર જણાયે પાર્કિંગની જગ્યાએ ઓળખપત્ર સાથેના પોતાના માણસો રાખવાના રહેશે તથા તેઓને સરકારી ધારાધોરણ મુજબનું લધુત્તમ વેતન આપવાનુ રહેશે. પરમીટધારક આ કાર્યના સંચાલન માટે રાખેલ માણસો અંગેની કોઈપણ પ્રકારની જવાબદારી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની રેહશે નહિ.

૨૨. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન/ સરકારી કાર્યક્રમ સમયે પાર્કીંગની જરૂરીયાત અનુસંધાને 'પાર્કિંગ પરમીટ' માટે ફાળવાયેલ જગ્યા અંગે મ્યુનિસિપલ કમિશ્નરશ્રીના નિર્ણય મુજબ વર્તવાનું રહેશે.

૨૩. ઉપરોક્ત શરતોના અર્થઘટન બાબતે મ્યુનિસિપલ કમિશ્નરશ્રીનો નિર્ણય આખરી ગણાશે. આ ઠરાવ બાબતમાં કોઈ વાદવિવાદ ઉપસ્થિત થશે તો મ્યુનિસિપલ કમિશ્નરશ્રીનો આદેશ અને સૂચના પરવાનેદારને સંપૂર્ણ બંધનકર્તા રહેશે.

૨૪. કોઇપણ કાયદાકીય પ્રશ્ન માટે ન્યાયિક ક્ષેત્ર અમદાવાદ રહેશે.

૨૫. ઉપરોક્ત તમામ શરતો મે વાંચી છે અને તે મને કબુલ/મંજૂર છે. તથા શરતો પ્રમાણે વર્તવાની હું આથી લેખિત બાંહેધરી આપું છુ.

તારીખ : અરજદારની સહી